# M. B. COLLEGE OF COMMERCE AND SHREE G. M. N. LALJI ARTS COLLEGE, DEHGAM

# PSYCHOLOGY OF SEX AND MARRIAGE LIFE

## T.Y. (B.A.) SEM – 5

## PAPER NO - 303

## UNIT – 1




DR. T. A. CHANDALIA

ASSISTANT PROFESSOR

DEPARTMENT OF PSYCHOLOGY

ARTS AND COMMERCE COLLEGE DEHGAM

CONTACT – truptichandaliya03@gamil.com

# યુનિટ -3, સ્ત્રી-પુરૂષ ભેદો અને લગ્નમા જાતિય સમાયોજન

પ્રસ્તાવના –

- ✓ પત્ની તે પતિની શુ છે? અર્ધાંગિની? સહધર્મચારિણી? પુરૂષ સમોવડી? દાસી? ગુલામડી કે રસોઈયણ? કે પછી પુરૂષનો હવસ સંતોષવાનુ એક રમકડું? ***જવાબ સરળ નથી!!!*** કારણકે વ્યાખ્યા વખતો-વખ, સમાજે-સમાજે બદલાતી રહી છે.
- ✓ બાળપણથી જ છોકરા છોકરીઓને પોતાના લિંગ મુજબ વર્તન કરવાનુ શિખવવામા આવે છે. બાલ્યકાળથી જ અમુક ચોક્કસ ઢાંચામા તેમની ભૂમિકા ગોઠવાઈને ***સ્થિર*** થઈ જાય છે.
- ✓ સ્ત્રી-પુરૂષની ભૂમિકામા ***સામાજિક અભિસંધાનનો*** ફાળો પણ નાનો સૂનો નથી. સામાજિક અભિસંધાન એટલે લૈંગિક ભૂમિકા સાથે જોડાયેલા કેટલાક બીબાઢાળ ખ્યાલો.
- ✓ સદનસીબે કોઈપણ સમાજ તળાવના બંધિયાર પાણી જેવો સ્થિર નથી, પરંતુ નદીના સતત વહેતા નીર જેવો ગતિશીલ હોય છે.
- ✓ પતિ-પત્ની વચ્ચે આનંદપ્રદ અને સમાયોજિત જાતિય સંબંધ એ સુખી લગ્નજીવનની પાયાની જરૂરિયાત છે. પરંતુ એ વાત પણ સાચી છે કે સમગ્ર લગ્નજીવનનો પાયો કેવળ જાતિય જીવનના સંબંધ ઉપર જ રચી ન શકાય.
- ✓ સાસરા પક્ષ તરફના સમાયોજનના પ્રશ્નો, ધાર્મિક કે સામાજિક મતભેદો, આર્થિક સમસ્યાઓ, વ્યવસાયની મુશ્કેલીઓ, મનોરંજન વિષયક મતભેદો, વલણો અને માન્યતાઓ અંગેના સંઘર્ષો વગેરેમા ઉદભવતી સમસ્યાઓ કે સંઘર્ષો લગ્નજીવનને બરબાદ કરી શકે.
- ✓ માનવીની જાતિય પ્રેરણા સંતોષમા બન્ને વ્યક્તિની સક્રિય ભાગીદારી આવશ્યક છે. સંતોષપ્રદ અને આનંદદાયક સમાગમ માટે બંને સેક્સ પાટનર વચ્ચે પ્રેમની ઉત્કટતા, એકબીજાના અસ્તિત્વમા ઓગળી જવાની મનોદશા અને પ્રબળ કામેચ્છા એ આવશ્યક બાબતો છે. ***બર્ગેસ અને વોલિન*** નામના સંશોધકોએ 1000 વિવાહિત યુગલોના અભ્યાસ દ્વારા તારવ્યુ છે કે જેઓનુ જાતિય-સમાયોજન સારુ હોય છે તેમનુ લગ્નજીવન પણ સુખી હોય છે.

# પ્રશ્ન – 1 સ્ત્રી-પુરૂષ વચ્ચેના તફાવતો જૈવિક છે કે, સામાજિક અભિસંધાનની નીપજ છે?


- ઈશ્વરે સૌ પ્રથમ આદમ (નર) અને ઈવ (નારી) ની ઉત્પત્તિ કરી. આ રચનાની શરૂઆતથી આજપર્યંત નર અને નારી માથી કોણ ચઢિયાતુ તેની ચર્ચા ચાલ્યા જ કરે છે.
- એક એવો મત છે કે સ્ત્રી-પુરૂષ વચ્ચે જનનાંગો અને પ્રજનન સિવાય બીજાઓ કોઈ જ જૈવિક ભિન્નતા નથી.  અને જે વર્તન, વ્યવહાર અને આચાર-વિચારોમા અંતર અને તફાવત અને સમાજે લાઇન ઓફ કંટ્રોલ (LOC) છે તે કેવળ સામાજિક અભિસંધાનનુ પરિણામ છે.
- ***સામાજિક અભિસંધાન એટલે લિંગ (સ્ત્રી-પુરૂષ)ની સાથે-સાથે જોડાયેલા કેટલાક બીબાઢાળ ખ્યાલો.***
- સાવ એકાદ-બે વર્ષની વયથી બાળકના માનસમા પોતે છોકરો છે કે છોકરી તે બાબતના બિજનુ રોપણ થઈ જાય છે અને ક્રમશઃ તેના મૂળિયા બાળકના માનસમા એટલા જડબેસલાક ચોટિને ઊંડા ઊતરી જાય છે કે બાળક કદી પોતાના જાતિય ઢાંચા માથી બહાર નીકળી શકતુ નથી.
- મનોવૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રીઓ અને જાગૃત મહિલા સંસ્થાઓએ સ્ત્રી-પુરૂષ ભિન્નતાના આવા ચીલાચાલુ રૂઢ ખ્યાલો સામે પડકાર ફેંક્યો છે. 21 મી સદીમા આ ભૂમિકામા આમુલ પરિવર્તન આવ્યુ છે.
- સ્ત્રી-પુરૂષ વચ્ચે કઈ જૈવિય, માનસિક અને સામાજિક બાબતોમા ભિન્નતા રહેલી છે તેની ચર્ચા કરીએ.........

# ○ સ્ત્રી-પુરૂષોમા તફાવતો –

**1. સ્ત્રી-પુરૂષમા જૈવિય તફાવતો**

- બિમારી અને મૃત્યુ દરમા તફાવત
  1. બિમારીની દ્રષ્ટિએ
  2. આયુષ્યમા તફાવત
- સ્નાયવિક શક્તિ અને સયોજનમા તફાવતો
- વૃધ્ધિદરમા તફાવત

**2. સ્ત્રી-પુરૂષના સિધ્ધિના તફાવતો**




© CanStockPhoto.com - csp66788689

(અ) સ્ત્રી-પુરૂષમા જૈવિક તફાવતો -

- જૈવિક દ્રષ્ટિએ સ્ત્રી અને પુરૂષમા ભિન્નતા ફલિત અંડ સ્વરૂપે જીવનની શરૂઆત થાય ત્યારે જ આ ભિન્નતા હાજર હોય છે.
- સ્ત્રી અને પુરૂષની શરીરરચના, કોષોનુ જીવરસાયણ બંધારણ, અંતઃસ્રાવો, આયુષ્ય, મૃત્યુ, સ્વાસ્થ્ય. વૃધ્ધિદર, સ્નાયુની તાકાત અને ચપળતા વગેરેમા સ્પષ્ટ તફાવત છે.
- સ્ત્રી અબળા કેહવાય છે પણ વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે મોટાભાગની જૈવિક-શારીરિક બાબતોમા સ્ત્રી સબળા છે.
- (1) બિમારી અને મૃત્યુ દરમા તફાવત